# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

## આંક ફરકનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ભરૂચ | ઝઘડિયા પોલીસને બાતમીના આધારે દઢેડામાં દરોડો પાડી ખુલ્લી જગ્યામાં પાથરણું પાથરી આંક ફરકનો જુગાર રમાડતાં સકીલ મલીકને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# ભડકોદ્રાની સીમમાંથી બાઈકનાં સ્પેર પાર્ટસ કટિંગ કરતો શખ્સ ઝડપાયો

**પોલીસને** બે બાઈકની ચેચિસ, જમ્પર, સ્ટીયરિંગ, કારબેટર, ગાર્ડ તેમજ એક્ટિવા મળી આવ્યું



અંકલેશ્વરઃ અંકલેશ્વરનાં ભડકોદ્રા ગામની સીમમાંથી બાઈકનાં સ્પેર પાર્ટ્સનું કટિંગ કરતા એક શખ્સની જીઆઈડીસી પોલીસે ધરપકડ કરીને કુલ રૂપિયા ૧૫,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે પોલીસને ભડકોદ્રા ગામની સીમમાં આવેલા ઝાડી ઝાંખરામાં કોઈક શખ્સ વાહનોનાં સ્પેર પાર્ટસનું કટિંગ કરી રહ્યો હોવાની બાતમી મળી હતી. જે બાતમીને આધારે પોલીસે રેઈડ કરતા ફ્રાન્સીસ ગ્રાબિયન ડિસોજા રહેવાસી ૪૩ સી, માસ્ટરચાલ, અંકલેશ્વર, બાઈકનાં સ્પેર પાર્ટસનું કટિંગ કરતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. પોલીસને ઝાડી ઝાંખરામાંથી બે બાઈકની ચેચિસ તેમજ જમ્પર, બાઈકનો મીટર કાંટો, સ્ટીયરિંગ, કારબેટર, ગાર્ડ, એક્સિલેટર વાયર, ચેઈન ચક્કર તથા ચેઈન, સ્પેનર તેમજ એક એક્ટિવા મળી આવ્યું હતું. જે અંગે પોલીસે ફ્રાન્સીસ પાસે જરૂરી દસ્તાવેજી પુરાવા માગતા તેની પાસેથી મળી આવ્યા નહોતા. તેથી પોલીસે તેની બાઈક તેમજ એક્ટિવા ચોરીને સ્પેર પાર્ટસ અલગ કરતો હોવાની આશંકા વ્યક્ત કરીને આરોપી ફ્રાન્સીસની ધરપકડ કરી રૂપિયા ૧૫, ૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## કાવી પોલીસે ઓપરેશન પાર પાડ્યું

# કનગામમાં દેશીદારૂની ભઠ્ઠી બનાવી દારૂ ગાળતાં બે ઝડપાયાં

## હરીજનના સ્મશાન પાસે ભઠ્ઠી બનાવી હતી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરના કનગામ ખાતે હરીજન સમાજના સ્મશાન પાસે દારૂ ગાળવાની ભઠ્ઠી બનાવી દેશદારૂ બનાવતાં બે શખ્સોને કાવી પોલીસે ઝડપી પાડ્યાં હતાં. પોલીસે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, કાવી પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર કે. જે. ધડુકને ચોક્કસ બાતમી મળી હતી કે, કનગામ ગામે આવેલાં હરીજન સ્મશાન પાસે કેટલાંક શખ્સોએ દેશીદારૂ બનાવવાની ભઠ્ઠી ચાલુ કરી છે. જેના પગલે સબ ઈન્સ્પેક્ટર કે. જે. ધડુકે તેમની ટીમ સાથે તુરંત સ્થળ પર દરોડો પાડતાં સ્થળ પર દારૂ ગાળતાં ખુમાનસંગ છગન સલંકી રહે. કનગામ ટાંકી ફળિયુ તેમજ મહેશ રમેશ રાઠોડ (રહે. પહાજ, સાચન ફળિયું, વાગરા) ને પોલીસે ઝડપી પાડ્યાં હતાં.

પોલીસે સ્થળ નિરિક્ષણ કરતાં તેઓએ ઈંટોનો ચુલો બનાવી તેની ઉપર પતરાનું પીપ મુકી તેમજ અન્ય સાધન સમાગ્રી વડે દેશીદારૂ ગાળતાં હોવાનું જણાયું હતું. પોલીસે સ્થળ પરથી 20 લીટર દારૂ તેમજ કુ 255લીટર વોશ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બન્ને વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# 31મીની રાત્રે દારૂના નશામાં 11 યુવાન ઝડપાયાં



ભરૂચ સી ડિવીઝન પોલીસે 31મી ડિસેમ્બરની રાત્રીએ નવાવર્ષની ઉજવણી સંદર્ભમાં ચોક્કસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. જેના ભાગરૂપે વિસ્તારમાં અલગ અલગ સ્થળેથી કુલ 11 જેટલાં યુવાનો નશાની હાલતમાં મળી આવતાં પોલીસે તેમની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# રાજપારડી ચોકડી પર પોલીસ દ્વારા સઘન વાહન ચેકીંગ

રાજપારડી,તા.૧

રાજપારડી મુકામે ૩૧મી ડિસેમ્બરના રોજ રાત્રી દરમિયાન પોલીસતંત્ર દ્વારા ચાર રસ્તાપર સઘન ચેકીંગ હાથ ધરાયુ હતુ.

## થર્ટીફસ્ટની ઉજવણીને લઈને પોલીસની બાજ નજર

પ્રાપ્ત વિગતો મુજબ નવા વર્ષની ઉજવણી નિમિત્તે નશો કરીને વાહન હંકારતા વાહનચાલકો ઉપરાંત અમુક વાહનોમાં દારૂની હેરાફેરી થવાની શંકાઓ સાથે પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાયુ હતુ. ઉલ્લેકનીય છે કે ચૂંટણીની જાહેરાત થવાની પૂર્વસંધ્યાથી લઈને અત્યાર સુધી ઠેર ઠેર દેશી-વિદેશી દારૂ ઝડપીને દારૂબંધીનો અમલ કડક બનાવવાની ઝુંબેશ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ઘણી જગ્યાઓએ રેડ કરીને પોલીસ દ્વારા બુટલેગરો વિરૂધ્ધ કાર્યવાહી કરવા કવાયત હાથ ધરાઇ હતી. રાજપારડી પોલીસ સ્ટેશનમાંથી મળતી વિગતો મુજબ પીએસઆઇ સરવૈયાના માર્ગદર્શન હેઠળ ૩૧ ડિસેમ્બરે રાજપારડી ચોકડી પર પોલીસ સ્ટાફ દ્વારા સઘન વાહન ચેકીંગ હાથ ધરાતા નિયમો વિરૂધ્ધ દોડતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

# અંકલેશ્વર પોલીસે બાઈક ચોરને ઝડપી પાડયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે એક બાઈક ચોરને ઝડપી પાડી તેની પાસે થી ચોરીની બાઈક કબજે કરી હતી. શહેરની સી માસ્ટર ચાલીમાં રહેતા ફ્રાન્સીસ



ડીસોઝાને ઝડપી પાડી તેની પૂછપરછ કરતાં તેણે તા. ૨૦/૧૧/૧૭ ના રોજ જીઆઈડીસીમાં આવેલા કિંજલ કેમીકલ કંપનીના સ્ટાફ કર્વાટરની બહાર પાર્ક કરેલી હોન્ડા સાઈન બાઈક નં. ઉં ૧૬ ઈઈ ૪૭૪૬ કિ. રૂ. ૪૦૦૦૦ની ચોરી કરી અને પાનોલી એક ખેતરમાં સંતાડી છે એવી કબૂલાત કરતાં પોલીસે પાનોલીથી ખેતરમાં સંતાડેલી બાઈક કબજે કરી ફ્રાન્સીસની વધુ પૂછપરછ હાથ ધરી છે,

# DSPDs દયાદરા ઘટના સ્થળની મુલાકાત લીધી



વાગરા : ભરૂચના દયાદરા ગામે દારૂલ ઉલુમ પાસેની રેલવેની માનવ રહિત ફાટક પર ગોઝારો અકસ્માત સર્જાતા મદરસાના ૫ યુવા તાલીમાર્થીઓના મોત નિપજ્યા હતા. જેને પગલે દયાદરા સહિતના ગામોમાં શોકનું મોજુ ફળી વળ્યું હતું. ભરૂચ જિલ્લા પોલીસવડા સંદીપસીંગે બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ઘટના સ્થળનું નીરીક્ષણ કર્યું હતું.

## ઉમરવાડાની ઘટનામાં બેની ધડપકડ થઈ હતી

# વૃદ્ધા પર હુમલો કરનાર ફરાર આરોપી ઝડપાયો

## અદાવતે ઝગડો થતા વૃદ્ધા પર હુમલો થયો હતો

**ભાસ્કર ન્યૂઝ| અંકલેશ્વર**

અંકલેશ્વરના ઉમરવાડા ગામમાં અંગત અદાવતમાં વૃધ્ધા પર થયેલા હુમલા પ્રકરણમાં 3 આરોપી ઝડપી પાડ્યા બાદ ફરાર આરોપીને ગત રોજ બાતમી આધારે અન્સાર માર્કેટ ઉમરવાડા ફાટક પર પરથી ઝડપી પાડ્યો હતો.

ઉમરવાડાના સુથાર ફળીયામા રહેતા અનિષા બેન સલિમ ભાઈ સૈલોટના ઘરે અંસાર માર્કેટ ખાતે રહેતા સોહેલ ચૌધરી, સબાના અલી શાહ ઉર્ફે રાજુ નસીમ તેમજ નરૂ આલમ સ્વિફ્ટ કારમાં આવી પહોંચી બીભત્સ ગાળો બોલી ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જેમાં અનિષા બેન સલિમ ભાઈ સૈલોટની માતાને ધક્કો મારતા તેઓ પડી ગયા અને પગમા ઈજા થઇ હતી. રૂરલ પોલીસે પ્રથમ સોહેલ ચૌધરી, સબાના અલી શાહ ઉર્ફે રાજુ નસીમ ઝડપી પાડ્યા હતા. જ્યારે નરૂ આલમ નામનો આરોપી ફરાર હતો. જેને ગત રોજ બાતમી આધારે અન્સાર માર્કેટ ઉમરવાડા ફાટક પર પરથી ઝડપી પાડ્યો અને જેલ ભેગો કર્યો હતો.

# અંકલેશ્વરની મેઘના ગાંધીની હત્યા કરનાર ઝડપાયો

## **પ્રેમ અને** આડાસંબંધની તકરારમાં ઝઘડો થતાં મામલો હત્યા સુધી પહોંચ્યો હોવાની આરોપીની કબૂલાત



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીમાં વાલીયા રોડ ઉપર આવેલા રૂદ્રાક્ષ રેસીડન્સીમાં રહેતા મેઘનાબેન ચિરાગભાઇ ગાંધી (ઉ.વ.૨૫)ની પોતાના ઘરમાંથી ઈજા સાથે સળગાવી દીધેલી હાલતમાં લાશ મળી હતી. જે બાબતે પ્રથમ અંકલેશ્વર જીઆઇડીસીમાં અમોત દાખલ કરી પોલીસ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમ્યાન મેઘનાબેનની હત્યા કરવામાં આવી હોવાનું જણાતા અંકલેશ્વર જીઆઇડીસી પોલીસે ગુનો નોંધી શકદાર આરોપી તરીકે ઉદય બબન સાતપુતે (રહે, વડોદરા) હોવાનું જણાયું હતું. જેથી જીલ્લા પોલીસ અધિક્ષક સંદીપસિંગની સુચના અને માર્ગદર્શન હેઠળ ભરૂચ એલ.સી.બી.ની પોલીસ ઈન્સ્પેકટર પી.એન. પટેલ તથા પો.સ.ઇ. એ.એસ.ચૌહાણે આ ગુનાની તપાસ દરમ્યાન શકદાર આરોપી ઉદય બબન સાતપુતની તપાસ કરતા શકદાર આરોપી વડોદરામાં હોવાનું જણાતા એલ.સી.બી.ની ટીમ તા.૦૩-૦૧-૨૦૧૮ના રોજ વડોદરામાં તપાસમાં જઇ ઉદય એસ./ઓ. બબન બાબુરાવ સાતપુતેને (મરાઠી ઉ.વ.૨૫ રહે. બી/૧૧ વ્રજરાજપુરમ સોસાયટી મધર સ્કૂલ પાસે ગોત્રી રોડ, વડોદરા) પકડી પુછપરછ અર્થે ભરૂચ એલ.સી.બી. કચેરીએ લઇ આવી યુકિત પ્રયુકિત પૂર્વક પુછપરછ કરતા મેઘનાબેન સાથે પ્રેમસંબંધ હતો અને મેઘનાબેનને બીજા પુરૂષો સાથે પણ આડાસંબંધો હોય, જે બાબતે બંને વચ્ચે તા.૨૪-૧૨-૨૦૧૭ના રોજ રાત્રીના અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલા રૂદ્રાક્ષ રેસીડન્સીના મેઘનાબેનના ઘરમાં ઝઘડો થતાં ઉદય બબન સાતપુતે ઉશ્કેરાઇ જઇ મેઘનાબેનને માર મારી ધક્કો માર્યો હતો. જેથી રૂમમાં મુકેલા પલંગ સાથે મેઘનાબેનનું માથુ ભટકાતા ઈજા થતા તેનું મોત થયાની કબુલાત કરતા ઉદયની અટક કરી આગળની વધુ તપાસ અર્થે અંકલેશ્વર જીઆઇડીસી પો. સ્ટે.માં આપી છે.

## જુગારિયાઓ પાસેથી કુલ 14 હજાર કબજે કર્યાં

# ભરૂચ - દહેજમાં બે સ્થળે જુગાર રમતાં 5 ઝડપાયાં

## ભરૂચમાં એક જુગારી પોલીસને જોઈ ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ બી ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, વેજલપુર વિસ્તારમાં આવેલી નેકમાઇ મસ્જીદ પાસે કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેને પગલે પોલીસે સ્થળ પર દરોડો પાડતાં મુખ્ત્યાર ઉર્ફે મોબાઈલ નામનો શખ્સ નાસી છુટ્યો હતો. જ્યારે હાર્દીક જયેશ બારોટ તેમજ અમીન હૈદરઅલી શેખને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી તેમજ દાવ પર લાગેલાં કુલ 3600થી વધુ રૂપિયા જપ્ત કર્યાં હતાં.

બીજા બનાવમાં દહેજ પોલીસની ટીમે પેટ્રોલીંગ વેળાં ભગત સોલ્ટ પાસે ખુલ્લા મેદાનમાં લાઈટના અજવાળ જુગાર રમતાં અરવિંદ પ્રભાત રાઠોડ, સુખદેવ પુના રાઠોડ તેમજ રણજીત બુધા રાઠોડને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે તેમની પાસેથી તેમજ દાવ પર લાગેલાં રૂપિયા મળી કુલ 10,300 રૂપિયા જપ્ત કર્યાં હતાં.

# નેત્રંગના બિલોઠી ગામે દારૂ સાથે બે ઝડપાયાં

નેત્રંગ : નેત્રંગના બિલોઠી ગામે કદવાલી ફળીયામાં રહેતો કિરણ જશવંત વસાવા નાનો પોતાના ઘરના પાછળના ભાગે વાડામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરે છે. જેના આધારે પોલીસે બાતમી આધારે રેડ કરતા સ્થળ પરથી બે ઈસમો પકડાઈ ગયા હતા. જેમાં બીજા આરોપી નામ સંદિપ પારસીંગ વસાવા રહે. કદવાલી બિલોઠી તા. નેત્રંગને પકડી પાડયા હતા. ઘરના પાછળના ભાગે વાડામાંથી ઘાસના પુડામાં સંતાડી રાખેલ વિદેશી બોટલ નંગ-૯૯૬ તથા બીયર ટીન નંગ- ૪૮ મળી કુલ બોટલ નંગ- ૧૦૪૪ની કુલ કિંમત રૂપિયા ૩૫૦૦૦ મોબાઈળ નંગ ૧ કિંતમ રૂ. ૫૦૦ સાથે મળી કુલ મુદ્દામાલ કિંમત ૧.૦૧.૭૦૦ ઝડપી પાડયો હતો.

**મોસ્ટ વોન્ટેડ અરોપી** કુખ્યાત ઝુબેર ઘડીયાળી સહિત ૨૦ શખ્સો સામે પોલીસ પર હુમલાનો ગુનો : આર્સ્મ એક્ટનો ૪૨ મો ગુનો

# ઝુબેર પાસેથી ૩ પિસ્તોલ, ૨ મેગઝીન, ૧ ૧ કારતૂસ મળ્યાં

- **હાંસોટમાં બુધવારે રાત્રે વડોદરા RR સેલે પાડેલા દરોડાની ઘટના**
- **સાગરિતોએ ઝુબેરને ભગાડવા પોલીસને નિશાન બનાવી હતી**
- **હાંસોટ પોલીસે ગુનો નોંધી ૪૧ માં ગુનામાં ઝુબેરની અને અન્ય ૪ની ધરપકડ કરી**

ભરૂચ,તા.૪.

વડોદરા આર.આર.સેલે બે વર્ષથી મોસ્ટવોન્ટેડ કુખ્યાત આરોપી ઝુબેર ઘડીયાળીને બુધવારે રાત્રે હાંસોટમાંથી ડબોચી લીધા બાદ તેને ફરીથી ભગાડવા સાગરિતોએ પોલીસ ઉપર હિંચકારો હુમલો કર્યો હતો. પોલીસ પર હુમલાના ૪૧ માં ગુના સાથે ઝુબેર સહિત અન્ય ચાર હુમલાવરોની પોલીસે ધરપકડ કરી હતી. ઝૂબેરના ઘરની તલાસી લેતા તેના ઘરમાંથી બે પિસ્તોલ, એક તમંચો, બે મેગઝીન અન અગિયાર કાર્ટીસ મળી આવતા ખળભળાટ મચી ગયો છે.

હાંસોટના મોસ્ટવોન્ટેડ અને ૪૦ ગુનાઓમાં સંડોવાયેલા દક્ષિણ ગુજરાતના કુખ્યાત ફરાર આરોપી ઝુબેર ઘડીયાળીને વડોદરા આર.આર. સેલે રેન્જ આઈ.જી.પી. અભય ચૂડાસમાંની માહિતીના આધારે પી.આઈ. જે.એમ. યાદવ, પો.સ.ઈ. એચ.પી.ઝાલા અને તેમની ટીમે બુધવારે રાત્રે હાંસોટમાં છાપો મારી ઝડપી પાડયો હતો. ઝુબેર ઘડીયાળીની ધરપકડ કરતા જ તેના પિતા હુસેને લોકોને ઉશ્કેરતા અન્ય સાગરિતોએ તેને ભગાવવાની કોશિષ કરી હતી. ૨૦ જેટલા હુમલાખોરોએ પોલીસ પર હુમલો કરી ઝૂબેરને પોલીસ પકડમાંથી છોડાવવા નિર્થક પ્રયાસ કર્યા હતા. જો કે આર.આર. સેલની ટીમે તમામ હુમલાવરો પર કાબુ મેળવી લીધો હતો. ઘટનામાં હુમલાખોર ચાર શખ્સોની ધરપકડ કરી તેઓ સહિત અન્ય ૨૦ આરોપી તેમજ ઝુબેર પર પોલીસ હુમલાનો ૪૧ મો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ ઘટનામાં ફરાર અન્ય ૧૬ હુમલાખોરોની શોધખોળ ચલાવી રહી છે.

ઝુબેશ હુસેન શેખ(ઘડીયાળી) ના ઘરની ઝરતી દરમિયાન પોલીસને ૧૨ બોરનો દેશી તમંચો, ૨ પિસ્તોલ, ૨ મેગઝીન અને ૧૧ કાર્ટુસ મળી આવતા તે સંદર્ભે પણ તેની વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ૪૨ મો ગુનો દાખલ કરી વધુ તપાસ અર્થે કોર્ટમાં રજુ કરતા એક દિવસના રિમાન્ડ મંજુર થયા છે.





**કયા હથિયારો મળ્યા**

- દેશી ૧૨ બોરનો કટ્ટો, ૩ કાર્ટીસ
- ૧ પિસ્તોલ અને ૧ કાર્ટીસ
- USAની એક પિસ્તોલ, ૩ કાર્ટીસ
- પિસ્તોલ મેગઝીન, ૫ રાઉન્ડ

## ગુનાખોરીમાં ફરી થવાનો હતો સક્રિય

દોઢ વર્ષથી દક્ષિણ આફ્રીકામાં શરણ લેનાર મોસ્ટવોન્ટેડ ઝૂબેર ઘડીયાળી ગુનાખોરીમાં ફરી સક્રિય થવાનો હોવાની બાતમી પણ વડોદરા આર. આર.સેલને મળી હતી. હાંસોટમાં તેને ડબોચી લીધા બાદ તેના ઘરની તલાસીમાં મળી આવેલા હથિયારો પરથી પોલીસને મળેલી આ બાતમી સાચી ઠરી છે.

## ઝુબેર પર આર્મ્સ એક્ટનો ૪૨મો ગુનો દાખલ

**પોલીસ પર હુમલામાં પકડાયેલા આરોપી**

૧. મહંમદ હુસેન ગુલામ હુસેન શેખ
૨. ઈરફાન યુનુસ શેખ
૩. ઈરફાન ફારૂક શેખ

દક્ષિણ ગુજરાતમાં ઝુબેર સામે વલસાડ, નવસારી, ચીખલી, સુરત રૂરલ, સુરત સીટી, હાંસોટમાં પ્રોહિબીશન આર્મ્સ એક્ટ સહિતના ૪૦ ગુના અગાઉથી દાખલ છે. બુધવારે તેની ધરપકડ દરમિયાન પોલીસ પરના હુમલામાં ૪૧ મો અને તેના ઘરની તલાસી દરમિયાન હથિયારો મળી આવતા આર્મ્સ એક્ટનો ૪૨ મો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



(તસવીર : જિજ્ઞેશ ડાંગરવાલા)

# ભરૂચના કાસવામાં લગ્નની લાલચે સગીરાને ભગાડી જનાર વિજય રાઠોડને દબોચી લેવાયો

**ભરૂચ,તા.૪**

ભરૂચના કાસવા ગામે રહેતી મીના (નામ બદલેલ છે) (ઉ.વ. ૧૬.૮)ને તેના જ ગામના વિજય મોહન રાઠોડે પોતાની પ્રેમજાળમાં ફસાવી બાદ લગ્નની લાલચ આપી પટાવી ફોસલાવી તા.૨૯ મીના રોજ બપોરે ૩ થી ૬ કલાકની આસપાસ ભગાડી ગયો હતો. જેની પોલીસ ફરિયાદ મીનાના પિતાએ ભરૂચ તાલુકા પોલીસ મથકે નોંધાવી હતી. જેમાં તાલુકા પોલીસે સગીરા મીનાને ભગાડી જનાર આરોપી વિજય મોહન રાઠોડ (ઉ.વ.૨૧) વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તેમજ પોસકો એક્ટ કલમ-૬ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરતાં મીનાને ભગાડી ગયેલ આરોપી વિજય રાઠોડને મીના સહિત તા.૩ ના રોજ ઝડપી પાડ્યાં હતાં. ભરૂચ તાલુકા પોલીસે ઝડપાયેલા બંનેની મેડિકલ તપાસ હાથ ધરી વધુ કાર્યવાહી કરી છે.

# અંકલેશ્વર GIDCમાં પ્રોવિઝન સ્ટોરમાંથી ૮૦ હજારનો દારૂ ઝડપાયો

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વર જીઆઈડીસીમાં પશુપતિ મંદિર પાસે પ્રોવિઝન સ્ટોરમાંથી વિદેશી દારૂના જથ્થ સાથે એક ઈસમની પોલીસે ધરપકડ કરી હતી.

જીઆઈડીસી પોલીસે તા. ૪થીની સાંજે બાતમીના આધારે પશુપતિનાથ મંદિર પાસે આવેલ આરાધના શોપિંગ સેન્ટરમાં આવેલ પ્રકાશ પ્રોવિઝન સ્ટોરમાં રેઈડ કરી હતી. જેમાં વિવિધ બ્રાન્ડની વિદેશી શરાબની ૧૬૯ નંગ બોટલો કિંમત રૂ. ૭૯,૬૫૦ મળી આવી હતી. પોલીસે આ જથ્થા સાથે દુકાનમાલિક પન્નાલાલ પીરારામ ચૌધરી રહેવાસી અમી કોલોનીની ધરપકડ કરી હતી. જયારે કે દારૂનો જથ્થો લાવનાર તેમનો પુત્ર મહિપાલ પન્નાલાલ ચૌધરી ફરાર થઈ ગયો હતો. પોલીસે બાપ- દીકરા વિરૂદ્ધ પ્રોહીબિશન એક્ટનાં ભંગ બદલ ગુનો નોંધી ફરાર મહિપાલની શોધખોળનાં ચક્રો ગતિમાન કર્યાં છે. આ વિસ્તારમાં પ્રોવિઝન સ્ટોરની આડમાં છેલ્લા કેટલાક સમયથી દારૂનો વેપલો ચાલતો હોવાની પોલીસેને બાતમી મળતા કાર્યવાહી કરી હતી.

# દેશીદારૂ સાથે મહિલા બુટલેગર ઝડપાઇ

ભરૂચ | ભરૂચ એ ડિવિઝન પોલીસે બરાપુરા નર્મદા નદી કિનારે વેરાઈમાતાના મંદિર પાસે કાપડની થેલીમાં દેશીદારૂની પોટલીઓ બનાવી વેચાણ કરતી લખી મોહન વસાવાને પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી છે.

# પોલીસે જુગારિયાઓ પાસેથી 12 હજારથી વધુ જપ્ત કર્યા

# અલાદર ગામે આંકડાનો જુગાર રમાડતાં બે ઝડપાયાં : ત્રણ ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પખાજણ આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે વેળાં તેમને બાતમી મળી હતી કે, અલાદર ગામે તળાવ પાસે કેટલાંક શખ્સોઅ આંકડાનો જુગાર રમી રમાડે છે. જેને પગલે પોલીસની ટીમે તુરંત સ્થળ ઉપર દરોડો પાડતાં પોલીસને જોઈને જુગારિયાઓમાં નાસ ભાગ મચી ગઈ હતી. પોલીસે આંકડા લખતાં રાજુ ઝવેર વસાવા તેમજ ચંદુ શંકર ગોહિલને પોલીસે ઝડપ પાડી તપાસ કરતાં તેમની પાસેથી આંકડા લખેલી ચિઠ્ઠીઓ તેમજ કુલ 8450 રૂપિયા મળી આવ્યાં હતાં. જોકે વિક્રમ મંગળ વસાવા, દિલિપ જીવણ રાઠોડ તેમજ ગણપત કરશન ગોહિલ ત્યાંથી નાસી છુટ્યાં હતાં. પોલીસને સ્થળ પર પડેલાં 3680 રૂપિયા પડેલાં મળી આવતાં કુલ 12 હજારથી વધુની રકમ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક પુછપરછમાં ઝડપાયેલાં આરોપીઓએ જણાવ્યું હતું કે તેઓ આંકડા લખેલી સ્લિપો વસ્તી ખંડાલી ગામે રહેતાં ઈબ્રાહિમ ઉર્ફે ઈભુ ઈસ્માઈલ પટેલને લખાવતાં હતાં.